# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-09-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## મુખ્યમંત્રીની ઉદ્યોગ સંગઠનો સાથે સંવાદ

**આજરોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વિવિધ ઈન્ડસ્ટ્રી એસોસિએશન તેમજ ઉદ્યોગ સંગઠનો સાથે જીએસટીના દરમાં ઘટાડો, વોકલ ફોર લોકલ અને સ્વદેશી અભિયાન અંગે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી સંવાદ કરીને જરૂરી માર્ગદર્શન પુરું પાડ્યું હતું.**

**આ સંવાદમાં જી.એસ.ટી. ઘટાડાનો ફાયદો આમ જનતાને મળે તેમજ નાગરિકો 'બચત ઉત્સવ'નો લાભ લઈ શકે તે માટેના રીતે આયોજનમાં સહભાગી થવા કચ્છના ઉદ્યોગકારોએ ખાતરી આપી હતી. આ પ્રસંગે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ મહેશભાઇ પુજ એ જણાવ્યું હતું કે, જીએસટી સ્લેબના ઘટાડાને લીધે માત્ર નાગરિકોને જ નહીં પણ ઉદ્યોગોને પણ ફાયદો થઈ રહ્યો છે.**

**(બાઇટ : મહેશ પૂજ)**

**-------------------------------------------------------------------------------------**

## કચ્છમાં વરસાદ

**બંગાળની ખાડીમાં સર્જાયેલાં હવાનાં હળવાં દબાણની અસર તળે રાજ્યની સાથે કચ્છમાં વરસાદ વરસ્યો છે. અસહ્ય ઉકળાટ અને વાદળછાયા વાતાવરણ વચ્ચે કચ્છમાં આજે સતત બીજા દિવસે વરસાદ પડ્યો હતો. ભુજ અને માંડવી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડતા માર્ગો પર પાણી વહી નીકળ્યા હતા. જિલ્લા કન્ટ્રોલ રૂમમાંથી મળેલી માહિતી અનુસાર આજે સવારે છ વાગ્યાથી બપોરના 4 વાગ્યા સુધીમાં ભુજમાં 4 મિલીમીટર વરસાદ નોંધાયો છે.**

હવામાન વિભાગે ચાર દિવસ દરમિયાન મધ્યમથી ભારે વરસાદ વરસવાની આગાહી કરી છે અને માછીમારોને 2 ઓકટોબર સુધી દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

------------------------------------------------------------------------------------

## સ્વચ્છતા હી સેવા અભિયાન

સ્વચ્છ ભારત મિશનનાં ૧૧ વર્ષ પૂર્ણ થવાના અવસરે "સ્વચ્છતા હી સેવા–૨૦૨૫" અભિયાન અંતર્ગત કચ્છભરમાં "એક દિન, એક ઘંટા, એક સાથ સ્વચ્છ" મહાશ્રમદાન દિવસ ઊજવાયો હતો. જિલ્લા તથા તાલુકા સ્તરે ગ્રામ પંચાયત, સરકારી વિભાગો, શાળા, આંગણવાડી, આરોગ્ય કેન્દ્રો, બાગ-બગીચા, રસ્તા અને ધાર્મિક સ્થળોએ સફાઈ ઝુંબેશ ચલાવવામાં આવી હતી.. વિવિધ ગામોમાં રોડ-રસ્તા, તળાવો અને જાહેર સ્થળો પર સામૂહિક શ્રમદાન કરવામાં આવ્યૂ હતું.

------------------------------------------------------------------------------------

## આંતરરાષ્ટ્રીય સહાકારીતા વર્ષ : સરસપુરના પશુપાલકો

ભારત સરકારે કૃષિ અને ડેરી ઉદ્યોગમાં મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે, જે કચ્છના સરસપુર ગામના પશુપાલકો માટે ઉત્સાહજનક સાબિત થયા છે. સહકારથી સમૃદ્ધિ પ્રોજેક્ટ હેઠળ વિદેશથી કૃષિ અને ડેરી ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધ મૂક્યો અને જીએસટી દરોમાં રાહત આપી. આથી સહકારી મંડળીઓ અને દૂધ ઉદ્યોગને સીધો લાભ થયો છે. પશુપાલકો, ખાસ કરીને ગ્રામ્ય મહિલાઓ, આત્મનિર્ભર બનવાની દિશામાં આગળ વધી રહ્યા છે. સરસપુરના પશુપાલકોએ સરકારના આ નિર્ણયથી ગ્રામ્ય સ્તરે પશુપાલકો મજબૂત બનશે અને સહકારિતાનું માળખું વધુ મજબૂત થશે તેમ જણાવી પ્રધાનમંત્રી શ્રી મોદીને પોસ્ટકાર્ડથી અભિનંદન પાઠવ્યા હતા.

------------------------------------------------------------------------------------

## જિલ્લાકક્ષાનો ભૂલકા મેળો

નખત્રાણા વિથોણ ગામે ખેતાબાપા સંસ્થાન પરિસરમાં પા પા પગલી પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લા પંચાયતની આઈ.સી.ડી.એસ. શાખાએ જિલ્લા કક્ષાનો ભૂલકાં મેળો યોજ્યો હતો. બાળકોના સર્વાંગી વિકાસ, પોષણ જાગૃતિ અને સાંસ્કૃતિ પરંપરાના આ સંકલિત આયોજનમાં 16 સાંસ્કૃતિક કૃતિ ભૂલકાંઓએ રજૂ કરી હતી, જેમાં લોકનૃત્ય, ગીત, નાટિકા, ગરબાનો સમાવેશ થાય છે. પ્રિ-સ્કૂલ એજ્યુકેશન ઈન્સ્ટ્રક્ટર્સ દ્વારા બાળકો માટે ચિત્રકામ, ટોપ મેકિંગ, રંગોળી અને આંગણવાડી બહેનોએ ટિચિંગ લર્નિંગ મટિરીયલ પ્રદર્શની રજૂ કરી હતી. પોષણ ઉત્સવની ઉજવણી અંતર્ગત આંગણવાડી મેન્ટરોએ આહાર સ્ટોલ, અનાજ-શાકભાજી પ્રદર્શન અને સ્વાસ્થ્ય જાગૃતિ અંગે સંદેશ આપ્યો હતો.

--------------------------------------------------------------------------------

## નખત્રાણામાં મગફળીનું વાવેતર

નખત્રાણા તાલુકામાં આ વર્ષે ૪૦,૫૦૦ એકરમાં મગફળીનું વાવેતર થયું છે અને હાલ આ પંથકમાં મગફળી ઉખેડવાનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. આ કામગીરી હજી એકાદ બે મહિના ચાલશે. પાણીમાં ક્ષાર વધવાને કારણે ઉત્પાદન ઘટ્યું છે, છતાં મગફળીની ગુણવત્તા સારી હોવાથી અન્ય રાજ્યના વેપારીઓ અહીં આવી અને ઉચા ભાવમાં ખરીદી કરી રહ્યા છે.

--------------------------------------------------------------------------------

## ગરીબ પરિવારોને રાહતદરે તેલ-ખાંડ વિતરણ

કચ્છ સહિત રાજયના ગરીબ અને મધ્યમ પરિવારો પણ દિવાળીના તહેવારો વધુ સારી રીતે ઉજવી શકે. તેવા હેતુથી આ પરિવારોને રાહતદરે વધારાની 1 કિલ્લો ખાંડ અને 1 લીટર ખાદ્ય તેલ વિતરણ કરવાનો સરકારે નિર્ણય લીધો છે. આગામી ઓક્ટોબર માસના પ્રારંભથી જ કચ્છના 2.73 લાખ સહિત રાજ્યમાં 75 લાખથી વધુ રેશનકાર્ડ ધારકોને સસ્તા દરે અનાજ વિતરણ શરૂ કરાશે.

--------------------------------------------------------------------------------

## નખત્રાણામાં દિવ્યાંગો માટે ગરબા

કે.સી.આર.સી. અંધજન મંડળ અને નખત્રાણા લોહાણા મહાજન દ્વારા સંયુક્ત રીતે દિવ્યાંગમિત્રો માટે એક વિશિષ્ટ ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં અંધજન મંડળના વિદ્યાર્થી અને સ્ટાફ સભ્યો ઉપરાંત લોહાણા મહાજનના સભ્યો અને નખત્રાણા ચેમ્બર ઓફ કોમર્સના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સાથે મળીને દિવ્યાંગ બાળકો અને યુવાનો સાથે ઉત્સાહપૂર્વક ગરબા રમ્યા હતા.

---------------------------------------------------------------------------------------